૧૫ સભ્યોની કમિટી માટે રાજકારણ ગરમાયું

# વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ

**ચેરમેન અને** વાઇસ ચેરમેન પદ હસ્તગત કરવા દાવેદારોનું લોબિંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નવા બોર્ડની રચના માટેની પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે. શિક્ષણ સમિતિના ૧૨ સભ્યોની ચૂંટણી માટેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવતા જ સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. જાહેરનામા અનુસાર, આ ચૂંટણી પ્રક્રિયા દ્વારા કુલ ૧૨ સભ્યોની પસંદગી કરવામાં આવશે, જેમાં ૧ સભ્ય અનુસૂચિત જાતિ અનામત, ૩ સભ્યો એસ.એસ.સી. કે તેને સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ૮ સભ્યો સામાન્ય કેટેગરીમાંથી ચૂંટવામાં આવશે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા ૩ સભ્યોની સીધી નિમણૂક કરવામાં આવશે, જેથી આખી શિક્ષણ સમિતિ કુલ ૧૫ સભ્યોની બનશે. ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ, ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ઉમેદવારી ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૬ ઓક્ટોબર નક્કી કરવામાં આવી છે. ત્યારબાદ ૧૩ ઓક્ટોબરના રોજ ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. જો જરૂર જણાશે તો ૨૧ ઓક્ટોબરે મતદાન યોજાશે. શિક્ષણ સમિતિમાં સભ્યપદ મેળવવા તેમજ ભાજપ શાસિત આ બોર્ડમાં ચેરમેન અને વાઇસ ચેરમેન જેવા મહત્વના હોદ્દાઓ હાંસલ કરવા માટે પક્ષના દાવેદારો અને કાર્યકરોએ અત્યારથી જ જોરદાર ફેરવી અને લોબિંગ શરૂ કરી દીધું છે. સભ્યપદ પાકું કરાવવા તેમજ બિનહરીફ બિનસ્પર્ધક બનવા માટે દાવેદારો પોતાના રાજકીય 'ગોડફાધર'ના શરણે પહોંચ્યા છે. હવે જોવાનું એ રહેશે કે આવનારા દિવસોમાં પક્ષ દ્વારા કયા ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે અને ભાજપ શાસિત આ બોર્ડમાં ચેરમેન તથા વાઇસ ચેરમેનની તાજપોશી કોના શિરે થાય છે.

## માનસિક સ્વાસ્થ્ય અંગે વ્યાખ્યાન યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

"You Are Not Alone - Let's Talk" વિષય પર વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ અંગેનું મહત્વપૂર્ણ વ્યાખ્યાન 22 સપ્ટેમ્બર 2026ના રોજ શ્રી મહાલક્ષ્મીજી મહિલા હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે યોજાયું હતું. વ્યાખ્યાન ડૉ. પાર્થ સોની (Psychiatrist) દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓમાં રહેલા તણાવ, અભ્યાસનું દબાણ, એકલતા, ભાવનાત્મક સ્વાસ્થ્ય તથા આત્મહત્યા નિવારણ અંગે માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓને પોતાની સમસ્યાઓ વિશે ખુલ્લેઆમ વાત કરવા, એકબીજાને સાંભળવા અને જરૂરિયાતના સમયે મદદ મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. વ્યાખ્યાન ખૂબ જ જ્ઞાનપ્રદ અને પ્રેરણાદાયી રહ્યું તથા વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા તેને સારો પ્રતિસાદ મળ્યો.

ગોરવા સબ-રજિસ્ટ્રાર કચેરીની કામગીરી સામે પણ સવાલો

# કોર્ટ વિવાદ વચ્ચે શેરખી ગામની જમીનનો ત્રીજી વખત દસ્તાવેજ

**જમીનના વ્યવહાર** અને તેના કાનૂની હકો અંગેની જવાબદારી વેચનાર અને ખરીદદારની હોય

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરાના શેરખી વિસ્તારમાં આવેલી 6070 ચોરસ મીટર જમીનના વ્યવહારમાં કથિત ગેરરીતિનો મામલો સામે આવ્યો છે. જમીન અંગે અગાઉથી સિવિલ અને ફોજદારી વિવાદ ચાલી રહ્યો હોવા છતાં તેનો ફરી વેચાણ દસ્તાવેજ કરાયો હોવાના આક્ષેપ સાથે તાલુકા પોલીસે ચાર શખ્સો સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, અટલાદરામાં રહેતા શિવાભાઈ પ્રજાપતિએ વર્ષ 2015માં સર્વે નંબર 70/41ની જમીન રમણભાઈ પઢિયાર પાસેથી ખરીદવાનું નક્કી કર્યું હતું. જૂન 2015માં રજિસ્ટર બાનાખત કરી રૂ.7.01 લાખ ચૂકવ્યા હતા તેમજ જમીનની કબજા પાવતી પણ મેળવી હતી. જોકે, વર્ષ 2018માં રમણભાઈએ શિવાભાઈને જાણ કર્યા વિના આ જ જમીન વિષ્ણુ પટેલ અને જગદીશ પટેલને રૂ.19.72 લાખમાં વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હોવાનો આક્ષેપ છે. જમીનના બે વખત વેચાણનો મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. સિવિલ કોર્ટ દ્વારા સ્ટેટસ-ક્વોનો વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હતો. જોકે, ટેકનિકલ કારણોસર દાવો ડિસમિસ થતાં રીસ્ટોરેશન અરજી પેન્ડિંગ હોવાનું ફરિયાદીએ જણાવ્યું છે. વર્ષ 2020માં નોંધાયેલી ફોજદારી ફરિયાદમાં પોલીસ ચાર્જશીટ પણ રજૂ કરી ચૂકી છે. આ દરમિયાન વિષ્ણુ પટેલ અને જગદીશ પટેલે રાજકોટના ભરત રોકડ તથા પ્રજય રોકડને જમીનનો દસ્તાવેજ કરી આપ્યો હોવાનો આક્ષેપ થતાં શિવાભાઈએ વધુ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચારેય સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દસ્તાવેજ ગોરવા સબ-રજિસ્ટ્રાર કચેરીમાં થયો હોવાથી કચેરીની કામગીરી અંગે પણ સવાલો ઉઠ્યા છે. સબ-રજિસ્ટ્રાર ચિરાગ પટેલે જણાવ્યું હતું કે, દસ્તાવેજ કરતી વખતે કચેરી દ્વારા જમીનનો સંપૂર્ણ કાનૂની ટ્રેક રેકોર્ડ ચકાસવાનો હોતો નથી અને જમીનના હકો અંગેની જવાબદારી પક્ષકારોની હોય છે. વડોદરા ગ્રામ્ય ડીવાયએસપી ડો. કિરણ ઠાકોરે જણાવ્યું હતું કે, મૂળ માલિકે અગાઉ બાનાખત કરી રૂ.7 લાખ મેળવ્યા હતા. ત્યારબાદ અગાઉના વિવાદો પેન્ડિંગ હોવા છતાં અન્ય આરોપીઓ સાથે મળી જમીનનો રૂ.19 લાખનો દસ્તાવેજ કરાયો હોવાના આક્ષેપ છે. પૂર્વઆયોજિત કાવતરું અને છેતરપિંડીના આક્ષેપોની તપાસ ચાલી રહી છે.

## મહિલાની જાણ બહાર અંગત પળનો વીડિયો ઉતારનાર શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

લક્ષ્મીપુરા વિસ્તારમાં મહિલાની જાણ બહાર તેના અંગત પળનો વીડિયો મોબાઈલમાં ઉતારવાના ગુનામાં પોલીસે આરોપીને ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. વડોદરા શહેરના લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતી મહિલા અને એક પુરૂષ વચ્ચે ફેબ્રુઆરી-2026થી મરજી અને સમજુતીથી શરીર સંબંધ હતા. દરમિયાન તા.25 જૂનના રોજ માધવપાર્ક સોસાયટી ખાતે બંને અંગત પળોમાં હતા ત્યારે એક શખ્સે મહિલાની જાણ બહાર તેનો નગ્ન વીડિયો મોબાઈલ ફોનમાં ઉતાર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે લક્ષ્મીપુરા પોલીસની ટીમે તપાસ હાથ ધરી હતી. જેમા આરોપી ઉત્પલ મનુ પટેલ હાલ સ્વામી વિવેકાનંદ આર્ટ્સ ગેલેરી એન્ડ ફાયર સ્ટેશન, બદામડી બાગ ખાતે રહેતા હોવાની વિગતો સાથે તેને ધરપકડ કરવામાં આવી છે.

24 સપ્ટેમ્બરે MSU ખાતે રાષ્ટ્રીય પરિસંવાદ અને બે નાટકોનું મંચન

# ચં.ચી. મહેતાની ૧૨૫મી જન્મ જયંતીએ સાહિત્ય-રંગભૂમિનો સંગમ

સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય અકાદમીનો સંયુક્ત ઉપક્રમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

ગુજરાતી સાહિત્ય અને નાટ્ય જગતના શિરોમણિ ચં. ચી. મહેતાની સવાસોમી જન્મજયંતી નિમિત્તે વડોદરામાં ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અંતર્ગત સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી અને એમ.એસ. યુનિવર્સિટીના નાટ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. 24ના રોજ ચં. ચી. મહેતા - પ્રદાન અને પુનર્મૂલ્યાંકન વિષયક રાષ્ટ્રીય પરિસંવાદ અને નાટ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પરફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના પ્લે બોક્સ, સુરસાગર ખાતે સવારે 10 વાગ્યાથી શરૂ થનારા આ કાર્યક્રમને લઈને નાટ્ય વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી કલાકારો દ્વારા સ્ટેજ ક્રાફ્ટ, લાઈટિંગ અને સંવાદોની સઘન રિહર્સલ કરવામાં આવી રહી છે. ઉદ્ઘાટન સત્રમાં એમ.એસ.યુ.ના કુલપતિ ભાલચંદ્ર એમ. ભણગે મુખ્ય અતિથિ તરીકે અને પરફોર્મિંગ આર્ટ્સના ડીન પ્રો. અજય અષ્ટપુત્રે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. સાહિત્ય અકાદમીના ગુજરાતી સલાહકાર મંડળના સંયોજક અને પૂર્વ આઈએએસ ભાગ્યેશ જ્હા અધ્યક્ષીય વક્તવ્ય આપશે. નાટ્યવિદ્ મહેશ ચંપકલાલ અને સાહિત્ય અકાદમીના અધિકારી ઓમપ્રકાશ નાગર પણ વક્તવ્ય આપશે. દિવસભર ચાલનારા ત્રણ સત્રોમાં ડો. મહેન્દ્રસિંહ પરમાર, રાજેશ્વરી પટેલ, શૈલેષ ટેવાણી, હસિત મહેતા, ભગીરથ બ્રહ્મભટ્ટ અને દીપક રાવલ જેવા વિદ્વાનો ચં. ચી. મહેતાના સાહિત્યિક પ્રદાન પર શોધપત્રો રજૂ કરશે.

## ડૉ. બાબાસાહેબ સંકલ્પ સ્મારકના ઈ-લોકાર્પણ પર વિવાદના વાદળો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

શહેરના રાજકારણમાં અને સામાજિક વર્તુળોમાં હાલ એક મોટો વિવાદ સામે આવ્યો છે, જેમાં ભારતના બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિ અને તેમના સમાનતા, સ્વતંત્રતા તથા સામાજિક ન્યાયના વિચારો સાથે જોડાયેલ 'સંકલ્પ સ્મારક'ના તાજેતરના ઈ-લોકાર્પણની પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. જાહેર નાણાંના ખર્ચે બનેલા આ સ્મારકના લોકાર્પણને લઈને વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. સ્થાનિક અનુસૂચિત જાતિ સમાજ, બાબાસાહેબના અનુયાયીઓ અને અગ્રણીઓમાં આ ઈ-લોકાર્પણની પદ્ધતિને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ સ્મારકનું તા. ૨૦/૦૯/૨૦૨૬ ના રોજ અચાનક ઈ-લોકાર્પણ કઈ વહીવટી પ્રક્રિયા અને મંજૂરીઓ હેઠળ કરવામાં આવ્યું તે અંગે કોઈ સ્પષ્ટતા નથી.

મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલનો અજીબોગરીબ વહીવટ

# વ્હીલચેરને સાંકળ મારી તંત્રે માનવતાને પણ લોક કરી દીધી !

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

મધ્ય ગુજરાતની સૌથી મોટી અને લાખો ગરીબ દર્દીઓની આશાનું કેન્દ્ર સયાજી હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. રાજ્ય સરકાર દ્વારા દર્દીઓની સગવડ માટે 'રજસ એન્ટરપ્રાઇઝ'ને મેનપાવર પૂરો પાડવાનો કોન્ટ્રાક્ટ અપાયો છે. નિયમ મુજબ ઈમરજન્સીમાં આવતા દર્દીઓને વ્હીલચેર કે સ્ટ્રેચર મારફતે વોર્ડ સુધી પહોંચાડવાની જવાબદારી કર્મચારીઓની છે. જોકે, હોસ્પિટલ તંત્રની બેદરકારી અને એજન્સીના કર્મચારીઓની કથિત બેદરકારીના કારણે દર્દીઓ અને તેમના સ્વજનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાના આક્ષેપો થયા છે. આક્ષેપ મુજબ હોસ્પિટલમાં કેટલીક વ્હીલચેરને સાંકળથી બાંધી તેના પર તાળાં મારી દેવામાં આવે છે. પરિણામે ગંભીર હાલતમાં આવતા દર્દીઓને



**'રજસ એન્ટરપ્રાઇઝ'ની બેદરકારી ખુલ્લેઆમ, તો કોના 'આશીર્વાદ'થી બચી જાય છે એજન્સી ?**

વડોદરાની સયાજી હોસ્પિટલમાં 'રજસ એન્ટરપ્રાઇઝ'ની કામગીરી સામે ફરી સવાલો ઉઠ્યા છે. દર્દીઓની સુરક્ષા અને સેવામાં બેદરકારીના આક્ષેપો છતાં તંત્ર દ્વારા માત્ર નોટિસો આપી મામલો રફેદફે કરવામાં આવતો હોવાની ચર્ચા છે. વારંવારની નિષ્કાળજી સામે કડક કાર્યવાહી કેમ થતી નથી તે સવાલ ઉઠ્યો છે.

વ્હીલચેરની સુવિધા સમયસર મળતી નથી અને તેમના સ્વજનોએ દર્દીને હાથના ટેકે અથવા ઊંચકીને ઈમરજન્સી વિભાગ સુધી લઈ જવાની ફરજ પડે છે. ચોંકાવનારી બાબત એ છે કે ઈમરજન્સી વિભાગમાં જવાબદાર કેટલાક ઈન્ચાર્જ સિસ્ટર્સ દ્વારા વ્હીલચેર લોક રાખવા મૌખિક સૂચના અપાતી હોવાનો પણ આક્ષેપ છે. વારંવાર આવી ફરિયાદો સામે આવતી હોવા છતાં હોસ્પિટલ તંત્ર દ્વારા એજન્સી અથવા તેના સુપરવાઈઝર સામે કડક કાર્યવાહી થતી ન હોવાના સવાલો ઉઠ્યા છે. સરકાર દર્દીઓની સુવિધા માટે જાહેર નાણાં ખર્ચે છે ત્યારે હોસ્પિટલમાં મૂળભૂત સુવિધા માટે દર્દીઓના સ્વજનોને હાલાકી ભોગવવી પડે તે ગંભીર બાબત છે. હવે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ કરી જવાબદારી નક્કી કરવામાં આવે છે કે નહીં તેના પર સૌની નજર છે.

લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડાયો

# સેન્ટ્રલ જેલમાં કેદીએ દીવાલમાં માથું પછાડી દેતાં ચકચાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

શહેરમાં આવેલી સેન્ટ્રલ જેલમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં સજા કાપી રહેલા એક ૪૫ વર્ષીય કેદીએ અચાનક ઉશ્કેરાઈ જઈને હિંસક વર્તન શરુ કર્યું હતું અને બેરેકની દીવાલ સાથે પોતાનું માથું પછાડી ઈજા પહોંચાડી હતી. આ બનાવને પગલે જેલ વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહેલા જયપ્રકાશ રાજદીપ તિવારી, ઉંમર વર્ષ ૪૫ ગત સાંજે જેલના નિયમો મુજબ બેરેક બંધ થયા અને સીલ વાગ્યા બાદ કોઈ અગમ્ય કારણોસર અચાનક હિંસક બન્યા હતા. તેમણે આવેશમાં આવીને પોતાના માથાને બેરેકને પાકી દીવાલ સાથે જોર-જોરથી અથડાવવાનું શરૂ કરી દીધું હતું. કેદીનું આ અચાનક ઉગ્ર અને હિંસક રૂપ જોઈને આસપાસના અન્ય કેદીઓ અને જેલકર્મીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતા પારખીને તુરંત જ જેલ સંચાલકો અને સુરક્ષાકર્મીઓ દોડી આવ્યા હતા અને કેદીને વધુ ઈજા પહોંચાડતા અટકાવ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જેલ પ્રશાસન દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી અને લોહીથી લથપથ થયેલા જયપ્રકાશ તિવારીને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની પ્રખ્યાત સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત અંગે ડોક્ટરો દ્વારા સારવાર આપવામાં આવી રહી છે. બીજી તરફ, આ બનાવ અંગે જાણ થતાં જ રાવપુરા પોલીસ સ્ટેશનનો કાફલો હોસ્પિટલ અને જેલ ખાતે દોડી ગયો હતો. કેદીએ શા માટે આ પ્રકારનું હિંસક પગલું ભર્યું ? તેની પાછળ કોઈ માનસિક તણાવ હતો કે અન્ય કોઈ કારણ ? તે દિશામાં પોલીસે સઘન પૂછપરછ અને તપાસનો શરૂ કર્યો છે.

# ડિફેન્સમાં કારકિર્દી માટે ૯૦ યુવાનોને મફત તાલીમ

**1 ઓક્ટોબરથી** 30 દિવસની નિવાસી તાલીમ; ચા-નાસ્તો, ભોજન અને રહેવાની સુવિધા પણ નિઃશુલ્ક

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની મદદનીશ રોજગાર નિયામક કચેરી, વડોદરા દ્વારા સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવાનો માટે દર વર્ષે 30 દિવસની નિઃશુલ્ક નિવાસી તાલીમ યોજાય છે. વર્ષ 2026-27ની તાલીમ માટે માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ફિઝિકલ ચકાસણી કેમ્પ યોજાયો હતો.

કેમ્પમાં ઓનલાઈન અરજી કરનારા આશરે 150 ઉમેદવારોની દોડ, ઊંચાઈ, વજન અને છાતીની ચકાસણી કરવામાં આવી હતી. આર્મી, નેવી અને એરફોર્સના અધિકારીઓ તેમજ મદદનીશ રોજગાર નિયામક અલ્પેશ ચૌહાણે સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દીની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રી-સ્ક્રુટિની બાદ મેડિકલ ફિટ થયેલા 90 ઉમેદવારોની પસંદગી કરાઈ છે, જેમાં 30 અનુસૂચિત જાતિના ઉમેદવારોનો સમાવેશ થાય છે.

આ ઉમેદવારોની તાલીમ 1 ઓક્ટોબરથી વડોદરામાં શરૂ થશે. તાલીમ દરમિયાન નિવૃત્ત ડિફેન્સ અધિકારીઓ દ્વારા શારીરિક તાલીમ અને નિષ્ણાત ફેકલ્ટી દ્વારા થિયરી તાલીમ અપાશે. રહેવા, ભોજન, ચા-નાસ્તો અને તાલીમ સામગ્રી નિઃશુલ્ક મળશે. 80 ટકાથી વધુ હાજરી ધરાવતા ઉમેદવારોને દૈનિક રૂ.100નું સ્ટાઈપેન્ડ પણ મળશે.

સ્ક્રુટિનીમાં હાજર ન રહી શકેલા 17.5થી 21 વર્ષના, ધોરણ 10 પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા અપરણીત પુરુષ ઉમેદવારો 25 સપ્ટેમ્બર સુધી રોજગાર કચેરી, તરસાલી ખાતે સંપર્ક કરી શકશે.

## શિનોરમાં મકબુલ શફી ચિસ્તીના ઉર્સ નિમિત્તે રક્તદાન કેમ્પ

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા જિલ્લાના શિનોર ખાતે મકબુલ શફી ચિસ્તી બાવાના 96મા ઉર્સ નિમિત્તે દરગાહ ખાતે ખિદમતે ખલ્ક કમિટી દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો.

કેમ્પમાં વિવિધ ધર્મના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું. મકબુલ શફી ચિસ્તી બાવાની દરગાહ પ્રત્યે હિન્દુ-મુસ્લિમ સહિત વિવિધ ધર્મના લોકોમાં શ્રદ્ધા જોવા મળે છે.

ઉર્સ પ્રસંગે શિનોર અને આસપાસના વિસ્તારો ઉપરાંત ગુજરાત તથા દેશના અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં અનુયાયીઓ દરગાહ ખાતે પહોંચ્યા હતા. આ દરમિયાન યોજાયેલા રક્તદાન કેમ્પમાં વિવિધ સમાજના લોકોએ રક્તદાન કરી માનવસેવાનો સંદેશ આપ્યો હતો. ઉર્સની ઉજવણી દરમિયાન સામાજિક એકતા અને સેવા ભાવનાનું પણ સુંદર ઉદાહરણ જોવા મળ્યું હતું.

# કલાલી પાસે પૂરઝડપે શોર્ટકટની લ્હાયમાં કાર ડિવાઈડર પર ચડી

**સદનસીબે** જાનહાનિ ટળી, ટ્રાફિકજામ સર્જાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

શહેરમાં શોર્ટકટ અને ઝડપના ચક્કરમાં અકસ્માતોની ઘટનાઓ સામે આવી રહી છે. કલાલી ગામ નજીક આવો જ એક બનાવ બન્યો હતો, જેમાં પૂરઝડપે દોડતી કાર રોડના મધ્યમાં આવેલા સિમેન્ટના ડિવાઈડર પર ચડી ગઈ હતી. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

મળતી માહિતી મુજબ, કલાલી નજીકના માર્ગ પરથી પસાર થતી કારના ચાલકે થોડું અંતર બચાવવા શોર્ટકટ લેવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન કાર પરથી નિયંત્રણ ગુમાવતાં વાહન સીધું ડિવાઈડર પર ચડી ગયું હતું. અકસ્માતમાં કારના આગળના ભાગને નુકસાન થયું હતું.

કાર રસ્તાની વચ્ચે અટવાઈ જતાં માર્ગ પર ટ્રાફિકજામ સર્જાયો હતો



અને વાહનોની લાંબી કતારો લાગી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તથા ટ્રાફિક પોલીસ સ્થળે પહોંચી હતી અને વાહન હટાવી ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરી હતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, અકસ્માતનો ધડાકો જોરદાર હતો. જોકે કાર પલટી ન ખાતાં અને અન્ય વાહનો તેની ઝપેટમાં ન આવતાં મોટી જાનહાનિ ટળી હતી. ટ્રાફિક પોલીસે વાહનચાલકોને શોર્ટકટની લ્હાયમાં ઝડપ અને નિયમોનું ઉલ્લંઘન નહીં કરવા અપીલ કરી છે.

પાણી ભરાતા ખાડા ન દેખાતા વાહનચાલકોની મુશ્કેલી વધી

# મકરપુરાના સંસ્કાર ટેનામેન્ટ બહાર ખાડાનો ત્રાસ, અકસ્માતનો ભય

**તાત્કાલિક** રિપેરિંગ નહીં થાય તો આંદોલનની સ્થાનિકોની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.22

સંસ્કારી નગરી વડોદરામાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે અનેક વિસ્તારોમાં બિસ્માર રસ્તાઓથી નાગરિકો પરેશાન છે. મકરપુરા ડેપોની પાછળ સંસ્કાર ટેનામેન્ટ બહાર રસ્તાની હાલત અત્યંત ખરાબ બની છે. ઠેર-ઠેર પડેલા ઊંડા ખાડાઓને કારણે વાહનચાલકો અને સ્થાનિકો માટે અવરજવર જોખમી બની છે.

આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં રહીશો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓ પસાર થાય છે. ચોમાસા દરમિયાન પાણી ભરાતા ખાડા દેખાતા ન હોવાથી દ્વિચક્રી વાહનચાલકો લપસી પડવાના




બનાવોનો ભય રહે છે. રસ્તાની બિસ્માર હાલતથી વાહનોને પણ નુકસાન થઈ રહ્યું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, રસ્તાની સમસ્યા અંગે પાલિકાના સંબંધિત વિભાગમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. જોકે, કાયમી ઉકેલ લાવવાને બદલે ક્યારેક નામમાત્રનું પુરાણ કરવામાં આવે છે. થોડા દિવસોમાં જ આ પુરાણ ધોવાઈ જતાં સ્થિતિ ફરી યથાવત બની જાય છે. ખાડાઓના કારણે અકસ્માતનો ભય સતત રહેતો હોવાથી સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. રહીશોએ રસ્તાનું તાત્કાલિક અને ટકાઉ રિપેરિંગ કરવાની માગ કરી છે. જો યોગ્ય કામગીરી નહીં થાય તો પાલિકા સામે વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

વડોદરા કોર્પોરેશનના બેવડા ધોરણો સામે જનરોષ

# બરાનપુરા ચોકમાં સરકારી જગ્યા પર ગંદકી અને દબાણોનો ખડકલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરાના મધ્યમાં આવેલા ઐતિહાસિક અને સતત ધમધમતા બરાનપુરા વિસ્તારમાં પાલિકા તંત્રની ઘોર બેદરકારી અને પક્ષપાતી નીતિ સામે આવી છે. બરાનપુરા પેટ્રોલ પંપ પાસે આવેલા મુખ્ય ચોકમાં આવેલી કિંમતી સરકારી જગ્યા હાલ ગંદકીના સામ્રાજ્ય અને પ્રાઈવેટ વાહનોના ગેરકાયદે ખડકલાથી ઉભરાઈ રહી છે. બરાનપુરા પેટ્રોલ પંપ પાસે આવેલા આ ચોકમાં ખુલ્લેઆમ કચરો ફેંકવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં, કેટલાક અસામાજિક અને બેજવાબદાર તત્વો દ્વારા આ સરકારી જગ્યા પર પોતાના ભંગાર વાહનો, પ્રાઈવેટ ગાડીઓ અને માલસામાન મૂકીને કાયમી અડ્ડો જમાવી દેવામાં આવ્યો છે. પરિણામે આસપાસના રહીશો અને વાહનચાલકો માટે દુર્ગંધ અને વાહનોના જામવાડાના કારણે



પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે. વેપારીઓનું કહેવું છે કે, જો કોઈ દુકાનદાર કે વેપારીની દુકાન બહાર સહેજ પણ ગંદકી જોવા મળે તો પાલિકાના દંડક દળના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચીને મોટી રકમનો દંડ ફટકારે છે અને કડક કાર્યવાહીની ધમકી આપે છે. પરંતુ, જે સરકારી જગ્યા પર દિવસ-રાત કચરો ઠાલવવામાં આવે છે, ભંગાર ખડકવામાં આવે છે અને પ્રાઈવેટ વાહનો પાર્ક કરીને દબાણ કરવામાં આવે છે, ત્યાં પાલિકાના સપાટા કેમ બંધ થઈ જાય છે? જે લોકો ખુલ્લેઆમ સરકારી જમીનનો દુરુપયોગ કરીને ગંદકી ફેલાવે છે તેમની પાસે થી દંડ વસૂલવાની હિંમત પાલિકાના અધિકારીઓ કેમ દાખવતા નથી?

અધિકારીઓની આ પ્રકારની મિલિભગત અને 'આંખ આડા કાન' કરવાની નીતિને કારણે હવે લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે, શું પાલિકાના જવાબદાર અધિકારીઓ આ પ્રાઈવેટ વાહનો અને ભંગાર મુકનાર તત્વો પાસેથી કોઈ ચોક્કસ પ્રકારનું હપ્તાખોરીનું ભાડું ઉઘરાવી રહ્યા છે?

વડોદરામાં કોમર્શિયલ ગરબા સામે નવા સવાલો

# ગણપતિ ઉત્સવ બાદ હવે નવરાત્રિનો ગરમાવો

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરામાં ગણેશોત્સવના આખરી દિવસો ગણતરીના બાકી રહ્યા છે. શહેરમાં આશરે અઢી હજાર જેટલી પીઓપી તથા ૧૦ હજાર જેટલી માટીની મૂર્તિઓની સ્થાપના કરીને વિસર્જન પણ મોટાભાગે પૂર્ણતાના આરે છે. ગણેશોત્સવની પૂર્ણાહુતિ સાથે જ હવે લોકોનું ધ્યાન અને ઉત્સાહ નવરાત્રિ ગરબા તરફ કેન્દ્રિત થયા છે. જોકે, આ વર્ષે ગરબા મહોત્સવ શરૂ થાય તે પહેલાં જ વડોદરાના મોટા કોમર્શિયલ ગરબા આયોજનોને લઈને ભારે વિવાદો અને ચર્ચાઓ જાગી છે. મળતી માહિતી મુજબ, વડોદરા શહેર અને જિલ્લામાં બજરંગ દળ અને કટ્ટર હિન્દુવાદી સંસ્થાઓના કાર્યકર્તાઓએ એક મહત્વપૂર્ણ ગુપ્ત મીટિંગ યોજી હતી. આ મીટિંગમાં મુંબઈની જેમ જ વડોદરામાં પણ વિધર્મીઓ ગરબા ગ્રાઉન્ડ પર પ્રવેશ ન મેળવી શકે તે માટે કડક આયોજન કરવાનો નિર્ણય લેવાયો છે. આયોજકોને સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે, પુરુષ કે મહિલા ખેલૈયાઓને પાસ આપતી વખતે તેમના આધાર કાર્ડની વિગતો ચકાસીને જ હિન્દુ હોવાની ખાતરી કરીને પાસ આપવાના રહેશે. આ ઉપરાંત, ગરબા ગ્રાઉન્ડ પર આવતી બહેનો માટે માથે કંકુનો ચાંદલો કરવો ફરજિયાત બનાવવામાં આવશે અને કંકુનો ચાંદલો ન કરનારને ગ્રાઉન્ડમાં પ્રવેશ આપવામાં નહીં આવે. એક તરફ ધાર્મિકતા અને સુરક્ષાના સવાલો છે, તો બીજી તરફ ગરબા આયોજકો દ્વારા પાસના વસૂલવામાં આવતા ભાવને લઈને ખેલૈયાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોટાભાગના ખાનગી વેપારી આયોજકો દ્વારા રમવાના પાસના ભાવ રૂ. ૬,૦૦૦ સુધી પહોંચાડી દેવાયા છે, જ્યારે જોનારા દર્શકો માટેના પાસ પણ રૂ. ૧,૦૦૦ થી ૧,૫૦૦ના ઊંચા ભાવે બોલાઈ રહ્યા છે.

સત્તા અને નાણાંના ખેલમાં પક્ષને નુકસાન પહોંચાડ્યાના આક્ષેપો

# વડોદરા કોંગ્રેસમાં વિવાદ: પ્રમુખની મનમાની- ટિકિટ વહેંચણીનો રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા શહેરમાં કોંગ્રેસ પક્ષનો આંતરિક અસંતોષ અને વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. વડોદરા શહેરમાં માંડ ગણીને ૬ બેઠકો કોંગ્રેસની આવેલી છે. પક્ષના વર્તમાન પ્રમુખે પોતાની મનમાની કરીને માત્ર નાણાં કમાવવા માટે જ ટિકિટોની વહેંચણી કરી માલેતુજારોને ચૂંટણી લડાવી હોવાની જગજાહેર ચર્ચાઓએ જોર પકડ્યું છે. મળતી માહિતી મુજબ, વડોદરાનું એક અસંતુષ્ટ જૂથ - જેમાંથી ૧ નંબરના કોર્પોરેશનની ચૂંટણીમાં પ્રમુખની પત્ની હારી ગઈ હતી - તે હવે ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓ પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. પોતાના મળતીયાઓ મારફતે પક્ષના હાલના ચૂંટાયેલા કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલા સામે ગંભીર આક્ષેપો કરાવી તેમને સસ્પેન્ડ કરવાની માંગ કરવામાં આવી રહી છે. જોકે, આ નેતા પોતે જ્યારે સત્તામાં નહોતા કે પાર્ટીના પ્રમુખ નહોતા, ત્યારે પણ તેમણે જાહેર જીવનમાં આવા જ કારનામા કરેલા છે. યુનિવર્સિટીમાં પણ હંમેશાં NSUIના ઉમેદવારો સામે ભાજપની ABVPને મદદ કરવાનો તેમના પર આક્ષેપ છે. અહેવાલો અનુસાર, આ નેતા એક નેતાના પપેટ બનીને સત્તા પર આવ્યા હોવા છતાં કમનસીબે પોતાના જ કુટુંબના આશરે ચાર-ચાર વખત ટિકિટો આપવા છતાં તેઓ જીતી શક્યા નથી. પક્ષના ચાણક્ય કહેવડાવતા આ ધુરંધરે પોતાના અંગત મળતીયાઓ સામે કોંગ્રેસના ચૂંટાયેલા કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાને પક્ષમાંથી કાઢી મૂકવા માટે અમીત ચાવડાને પત્રો અને રજૂઆતો પણ મોકલી આપી છે. વડોદરા શહેરમાં કોંગ્રેસની સ્થિતિ દિવસેને દિવસે કથળતી જાય છે અને માંડ ૩ થી ૪ કોર્પોરેટરો જ ચૂંટાઈને આવે છે. ચૂંટણી વખતે જો ૧ નંબરની ટિકિટ કાપીને અમીબેનને ઘરે બેસાડ્યા ન હોત અને તેમની જગ્યાએ હરીશ પટેલને ટિકિટ આપી હોત, તો કોંગ્રેસની વધુ ચાર બેઠકો આવી શકી હોત. તે જ રીતે, કોંગ્રેસના અનુભવી નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ દ્વારા સૂચવેલા નામો અને નિર્ણયોને જો પ્રમુખ ઋત્વિક જોષી દ્વારા સ્વીકારવામાં આવ્યા હોત, તો આજે ૧૫ થી ૨૦ જેટલા ઉમેદવારો ચૂંટાઈને આવ્યા હોત. ઋત્વિક જોષીને વારંવાર ટિકિટો આપી તેમનું નેતૃત્વ માત્ર મીડિયામાં ફોટા પડાવવા અને ફોટા ભેગા કરીને આલામાનને મોકલવા પૂરતું જ સીમિત રહ્યું છે.

આથી સ્થાનિક કાર્યકરો અને અસંતુષ્ટોનું માનવું છે કે, જો ઋત્વિક જોષી તેમજ ગુજરાતના તમામ સિનિયર નેતાઓને એક વખત ઘરે બેસાડવામાં આવે, તો જ કોંગ્રેસ નવેસરથી ઉભી થઈ શકશે.